# એકાઉન્ટન્ટ/ હિસાબનીસ

એકાઉન્ટન્ટ/હિસાબનીસ સંસ્થાની હિસાબી અને નાણાકીય પ્રવૃત્તિઓના સંચાલન માટે જવાબદાર છે. તેઓ વેપારી પેઢી માટે નાણાકીય હિસાબો તૈયાર કરવાને લગતી રોજબરોજની કામગીરી કરે છે, નાણાકીય પત્રકો, સરવૈયા, અહેવાલો વગેરે તૈયાર કરે છે અને ઓડિટ કરે છે. તેઓ હિસાબી બાબતો અંગે પણ સલાહ પુરી પાડે છે અને રોજમેળ, ખાતાવહિઓ તેમજ વ્યાપારને લગતા રેકોર્ડની યોગ્ય જાળવણી સુનિશ્ચિત કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને આંકડા/સંખ્યાઓ સાથે કામ કરવાનું ગમે છે
- તમે ખર્ચ, આવક અને બચતના રેકોર્ડ રાખવામાં નિપુણ છો
- તમે તમારી કામગીરીનો રેકોર્ડ રાખવાની કામગીરી સારી રીતે નિભાવી શકો છો



આ કોર્સ માટેની ફી આશરે હોય શકે છે
**રૂ. ૧,૦૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦***

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (વાણિજ્ય વિષય ઈચ્છનિય છે).

૨. વાણિજ્ય વિષમાં સ્નાતકની પદવી (B.Com) પ્રાપ્ત કરો.

**અથવા**

સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં સ્નાતકની પદવી પછી અનુસ્નાતકની પદવી (M.Com) પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એકાઉન્ટન્ટનો પગાર દર મહિને આશરે **રૂ.૮,૦૦૦** થી **૧૨,૦૦૦*** જેટલો અને અનુભવ ધરાવતા ઉમેદવારો માટે **રૂ. ૨૦,૦૦૦** થી **૩૫,૦૦૦*** જેટલો હોય છે.

સ્ત્રોત: https://bit.ly/3H1y9hG

NCS Code: 2411.0100, CCode: BFSI01

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમામ પ્રકારના ખાનગી, સરકારી અને વાણિજ્યિક સાહસો જેમ કે દુકાનો, કંપનીઓ, હોટેલ્સ, રીટેલ દુકાનો વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તે ડેસ્ક જોબ છે. નવોદિત તરીકે શરૂઆત કરતા હોય ત્યારે તમે કોઈ ટીમનું નેતૃત્વ કરશો નહીં. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો ભાગ નથી. આ એક પૂર્ણ સમયની નોકરી છે, કામના કલાકો દર અઠવાડિયે ૪૦ કલાકથી વધુ પણ હોય શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

### અપેક્ષિત પ્રગતિ પથ

એકાઉન્ટ્સ ક્લાર્ક → મદદનીશ એકાઉન્ટન્ટ → એકાઉન્ટન્ટ → એકાઉન્ટ્સ ઓફિસર → ચીફ એકાઉન્ટન્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એકાઉન્ટન્ટ, મદદનીશ એકાઉન્ટન્ટ, હિસાબી અધિકારી

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ કોર્સ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવે છે.**
સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. દિલ્હી યુનિવર્સિટી
૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા
૩. પ્રેસિડેન્સી કોલેજ, ચેન્નાઈ
૪. બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી
૫. રાષ્ટ્રીય પી.જી. કોલેજ, લખનૌ
૬. યુનિવર્સિટી કોમર્સ કોલેજ, જયપુર
૭. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ
૮. મુંબઈ યુનિવર્સિટી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. નરસી મોંજી કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ, મુંબઈ
૨. એચ. એલ. કૉલેજ ઓફ કોમર્સ, અમદાવાદ
૩. વિમેન્સ ક્રિશ્ચિયન કોલેજ, ચેન્નાઈ
૪. વિમલા કોલેજ, ત્રશુર
૫. ક્રાઈસ્ટ કોલેજ, બેંગ્લોર
૬. કાલિંગ યુનિવર્સિટી, રાયપુર
૭. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, પંજાબ
૮. પારુલ યુનિવર્સિટી, વડોદરા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: - nptel.ac.in/courses/103103039
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

### સાફલ્ય ગાથા

**સુતાપા બક્ષી** કોલકાતામાં એક અગ્રણી સ્વૈચ્છિક સંસ્થામાં સિનિયર એકાઉન્ટન્ટ છે. તેણે કોમર્સમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરેલ છે. બક્ષી ૨૦૦૬માં સ્વૈચ્છિક સંસ્થામાં એકાઉન્ટ્સ ઓફિસર તરીકે જોડાયા હતા અને હવે તેમને સિનિયર મેનેજરના પદ પર બઢતી આપવામાં આવી છે.

સ્ત્રોત: અંગત મુલાકાત

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.